

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*વિશ્વ વિજયી થઈ 'આંકડા'માં લપોડ આગે છે,*
*હવે 'બીજી' ના મૃતકોની ચીખ સંસદે જાગે છે,*
*વાગે છે ડાકલા પ્રશ્નોના ને ધૂણે છે સરકાર -*
*જૂના નિવેદનોથી સરકારી ઈમેજ દાગે છે.*

### હાઈકુ

*કવિ હૃદયે*
*સરકારની પણ*
*મારે છે મેથી!*
*(નિપૂણ સાહિત્યકાર)*

*ગુપ્ત સંસદે*
*જાસૂસી 'વિકાસ'નો*
*શોરબકોર*
*(પારદર્શી વહીવટ)*

### ચિંતન

**દંડ: સમ્પદા યોજતિ ।**

**ઉપરોક્ત સૂત્ર ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**કાનૂન વ્યવસ્થા રાજાને સંપત્તિયુક્ત બનાવે છે.**

**રાજ્યની કાનૂન વ્યવસ્થા યોગ્ય રીતે ચાલતી હોય તો રાજયમાં સુખશાંતિ પ્રવર્તે છે અને રાજય-લક્ષ્મીમાં વૃદ્ધિ થાય છે. કાનૂન એ ન્યાયનો પર્યાયવાચી છે. વાસ્તવમાં કાનૂન જ ન્યાય કાનૂન વ્યવસ્થા જો સ્વાંગસંપૂર્ણ ના હોય તો રાજયમાં અરાજકતા છવાય છે. અને રાજયના આવકના સ્રોતો ખોરવાઈ જાય છે. શાસનના ઉચ્ચ સ્થાને બેઠેલા અધિકારીઓ પોતાનાં ખિસ્સા ભરવા માંડે છે અને રાજયની તિજોરી તળિયાઝાટક બનતી જાય છે. આથી કાનૂન વ્યવસ્થા જડબેસલાક હોવી જોઈએ.**

**માસ્કના દંડ, કર્ફ્યુ ભંગની સજા, પેટ્રોલ-ડિઝલના ભાવ બુટલેગર હપ્તા, દાણચોરી, નશાખોરીના પીણાં આ બધું એકદરે સરકારની તિજોરીને જ મદદરુપ થાય છે.**

### સુવિચાર

- કિસી કે પૈરોં મેં ગિરકર કામયાબી પાને કે બદલે
  અપને પૈરોં પર ચલકર કુછ બનને કી ઠાન લો - **ડેનિશ પાર્કર**
- પડઘો બનવા કરતાં અવાજ બનો, કોઈની નકલ કરતાં
  આપણી પોતાની અસલ રજૂઆત વધારે મહત્ત્વની છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણે આપણું મૂલ્યાંકન એ રીતે કરીએ; આપણે શું કરવાને શક્તિમાન છીએ,
  જયારે દુનિયા આપણું મૂલ્યાંકન એ રીતે આપે કે : આપણે શું કર્યું? - **લોંગફેલો**
- તું હવે સંજોગ સામે યુદ્ધ કર, યુદ્ધ જો તું ના કરે તો બુદ્ધ બન, એ ભલે કંટક તને આપે છતાં, તું સદા ખુશ્બુ ભરેલા પુષ્પ ધર - **જાગ્રત વ્યાસ**
- સુખી થવા ત્રણ વસ્તુ જરૂરી છે. કરવા યોગ્ય કાર્ય, સ્નેહ રાખવા યોગ્ય વસ્તુ અને આશા રાખવાનું સ્થાન - **કૌશિક મહેતા**
- તમે તમારા ગાલ પ્રત્યે વફાદાર છો? તો તમારા પાસે અનંત શક્યતાઓ છે - **માર્શિયા વિડર**
- આજનું ઔષધ : નવશેકા પાણી સાથે આમળાનો પાઉડર સાથે મેથીનો પાઉડર અડધો અડધો એક ચમલી જેવો લેવાથી લોહીમાં કોલેસ્ટ્રેલ કંટ્રોલમાં આવે છે (**સંકલન : દીપક વી. આશરા**)

### બોધકથા

રાજાએ છેવાડાના ગામમાં મુલાકાત કરી. ત્યાં એમને જોયું કે દિવાલ પર ઝાડ પર વર્તુળની બરાબર મધ્યમાં ગોલીનું નિશાન હતું. રાજાને થયું આવા અસાધારણ નિશાનેબાજને મળવું જોઈએ.સંત્રીને તપાસમાં મોકલ્યો તો સંત્રી એક દસ વર્ષના બાળકને લઈ આવ્યો. રાજાનું આશ્ચર્ય બેવડાઈ ગયું. એમણે બાળકને પૂછ્યું, 'અરે, આ તો માનવામાં ન આવે એવી વાત છે. આટલી સચોટ નિશાનેબાજી તું કેવી રીતે રી શકે છે?'

રાજાને આવા નિશાનેબાજ સૈનિકોને તૈયાર કરી લશ્કરમાં સામેલ કરવાનો વિચાર આવ્યો. બાળકે રહસ્ય ખોલતાં કહ્યું, 'હું પહેલા ગોળી છોડું છું ને પછી ગોળીથી જ્યાં છેદ પડ્યું હોય એની આસપાસ કોલસાથી અને આ ચારણાના મદદથી ગોળ દોરી નાખું છું.' રાજાને દસ વર્ષના બાળકે ભોંઠા પાડ્યા.

સાર એ છે કે ઘણીવાર પહેલાં અંતિમ નિવેડા પર આવી જઈને પછી આપણે એના ફરતે ખુલાસાઓની ઈન્દ્રજાળ રચીએ છીએ. સત્ય શોધવાના પ્રયાસ માટે નહીં પરંતુ આપણે જેવું વિચારતા હોઈએ છીએ એને ન્યાયી ઠેરવવાના આશયથી આવું કરીએ છીએ.

# સરહદો પર બધું બરાબર નથી

**તંત્રીસ્થાનેથી...**

રાજકીય રિસામણાં - મનામણાં અને શાસક-પક્ષ વિપક્ષ વચ્ચેના આક્ષેપ-પ્રતિઆક્ષેપનાં માહોલમાં દેશની ઉત્તરુપૂર્વ અને પશ્ચિમ સરહદો પર ચાલી રહેલી ભારત વિરોધી પ્રવૃત્તિઓ તરફથી સરકારનું ધ્યાન હટી ગયું લાગે છે. પંજાબમાં અમરિંદરસિંહ મુખ્યમંત્રી હોય કે ભવિષ્યમાં એ પદ નવજોત સિધ્ધુના હાથમાં ચાલ્યું જાય એથી દેશની સલામતી કે અર્થવ્યવસ્થામાં કોઈ ફરક નથી પડવાનો. બલકે કેન્દ્રમાંથી એનડીએ સરકારનું ઊઠમણું થઈ જાય અને મમતા બેનર્જી કે શરદ પવાર જેવી કોઈ વિપક્ષી પ્રતિભા સત્તાનાં સૂત્રો સંભાળે એથી પણ આભ તૂટી પડવાનું નથી. સરકારે છેલ્લાં વર્ષો દરમિયાન સરહદ પર બદલાતી રહેતી અને સતત ભારત માટે વધુ ને વધુ પડકારરુપ બનતી જતી પરિસ્થિતિ પ્રત્યે વિશેષ જાગૃત રહેવાની જરૂર છે. કાશ્મીરથી વિશેષ દરજ્જાવાળી કલમ નાબૂદ કર્યા પછી પાડોશી રાષ્ટ્ર પાકિસ્તાન રઘવાયું બન્યું છે અને ભારત સાથે સુલેહભર્યા સંબંધોની શક્યતા સદંતર રોળાઈ ગઈ છે. 'કાશ્મીરના બ્રાન્ડ એમ્બેસેડર' બની બેઠેલા નિષ્ફળ પાક વડાપ્રધાન ઈમરાન ખાન હવે ચીનની કઠપૂતળી બની ગયા છે. પાકિસ્તાન અમેરિકાના ખિસ્સામાંથી સરકીને ચીનના ગજવામાં પેસી ગયું છે. ચીની શાહુકાર આપણે ધારીએ છીએ એવા સૌમ્ય અને સહૃદયી નથી. દેખાવ તો એ ભારતની સાથે રહી વિકાસયાત્રાની સામેલગીરીનો કરતા રહ્યા છે, પણ એમનું વર્તન તો એમના પૂર્વસૂરિયો જેવું વિસ્તારવાદી જ રહ્યું છે. એમણે પાકિસ્તાનને ભારત વિરુદ્ધ ચડાવવામાં કશી મણા રાખી નથી. વળી તિબેટના સ્વાયત્ત પ્રદેશ પર હવે એમણે સવિશેષ ધ્યાન કેન્દ્રિત કરી એ ઉપેક્ષિત પ્રજાને 'અચ્છે દિન'નું લોલીપોપ પણ આપી દીધું છે. અરુણાચલની સરહદે આવેલા તિબેટના ઉપેક્ષિત નગરથી તિબેટના પાટનગર લ્હાસા સુધી બુલેટ ટ્રેન દોડાવીને એમણે તિબેટને ચીનની વિકાસયાત્રામાં જોડી દીધું છે એટલું જ નહીં, પણ સરહદને અડોઅડ પસાર થતી રેલવે લાઈન બિછાવીને ભારત સામે ભૂતકાળમાં ક્યારેય નહોતો એવો ડરામણો માહોલ ઊભો કર્યો છે. અરુણાચલને ચીન પોતાનો જ પ્રદેશ માનતું રહ્યું છે. એટલે એની દાનત તો જયારે ત્યારે એને ગળી જવાની જ છે. તિબેટનું સ્ટેટસ સ્વતંત્ર બફર સ્ટેટ તરીકેનું હતું, તેને ડ્રેગને ઝાઝું જોર કર્યા વગર જ ચીનનું એક સ્વાયત્ત રાજય બનાવી દીધું હતું. દલાઈ લામાને રાત લઈ નાસી જવું પડ્યું હતું. ભારતે એમને દરજ્જા સાથે હિમાચલપ્રદેશના ધર્મશાલા નગરમાં આશ્રય આપ્યો છે તે ચીનને આંખના કણાની જેમ ખૂંચે છે. હવે જે નવી સમસ્યા સરજાઈ છે તે અફઘાનિસ્તાનમાં તાલિબાનનું શાસન સ્થાપાવાની શક્યતાની છે. અમેરિકાએ અફઘાનિસ્તાનમાંથી એના સૈનિકોને પાછા બોલાવી દીધા કે તરત તાલિબાને અફઘાની સેના અને તંત્ર પર હાવી થઈ ગયા હોવાની છાપ ઊભી કરી છે. અમેરિકાએ હવાઈ હુમલા કરી તાલિબાનોને મારી હટાવવા અફઘાન સેનાને મદદ પહોંચાડી છે પણ તે પૂરતી નથી. તાલિબાનો પાકિસ્તાનના સક્રિય સહયોગથી આગળ વધી રહ્યા છે. પાક સેના અને તાલિબાનોને પહોંચી વળવા અફઘાની શાસન ભારતની મદદની આશા સેવી રહ્યું છે પણ ભારતે એ મુદ્દે આંખ આડા કાન કર્યા છે. ચીનની તાકાતથી સુપરિચિત તાલિબાને શરૂથી જ ચીન સાથે મૈત્રીનો હાથ લંબાવ્યો છે અને ચીન દ્વારા ઉઈગર મુસ્લિમો પર વરતાવાઈ રહેલ ત્રાસના મુદ્દે એ ચૂપ થઈ ગયેલ છે. પાકિસ્તાન, તાલિબાન અને ચીનની ધરી રચાઈ રહી છે જે ભારતની સરહદો સામે ખતરનાક સ્થિતિનો સંકેત છે. કૈલાસ માનસરોવરના માર્ગમાં આવતા પિથોરાગઢ, ચમોલી અને લીપુલેખ વિસ્તારોની સરહદ ચીન સાથે જોડાયેલી છે. અરુણાચલ અને લેહ-લદ્દાખની જેમ ચીનની સેના આ સરહદ પર ભયજનક સ્થિતિ સરજી શકે એમ છે. ભારત લોકશાહી રાષ્ટ્ર હોવાથી સત્તાની સાઠમારીમાં જ અટવાયેલું રહે અને સરહદો પર ચાલી રહેલી ત્રાસવાદી, તાલિબાની તથા વિસ્તારવાદી નાપાક પ્રવૃત્તિઓને નજરઅંદાજ કરતું રહે તો કોઈ પણ સમયે ૧૯૬૨નું પુનરાવર્તન થઈ શકે છે. પાકિસ્તાન તો એ ઘડીની કાગડોળે રાહ જ જોઈ રહ્યું છે. કારણ કે એને તો બાંગ્લાદેશ અને કારગિલ સહિતની ચાર ચાર હારનો બદલો જ લેવો છે.

# આપણે પણ ગુરુ, શિક્ષક, ટીચર અને શિષ્ય છીએ!



## આરપાર

રાઘવજી માધડ

વતનના ગામડેથી આવેલા એક શિક્ષક મિત્રની ખબર પૂછવા, અમદાવાદની સિવિલ હોસ્પીટલમાં જવાનું બન્યું.સામાન્ય વાતચીત દરમ્યાન એક ડોક્ટર આવ્યા. તેમણે આ દર્દી-શિક્ષક સામે જોયું... યુવાનીની અણસારને ઉકેલી અને પછી દર્દીના પગ તરફ પલંગ પર માથું ટેકવીને ભાવવિભોર થઈને બોલ્યા: 'ગુરુજી, પ્રણામ !' દર્દી કાંઈ સમજે,બોલે એ પહેલા જ ડોકટરે જણાવી દીધું: 'હું આપની પાસે પ્રાથમિક સ્કૂલમાં ભણતો હતો!' પછી તો નામ,ગામ...પરિચયનો દોર ચાલ્યો હતો. પણ એક ડોક્ટર, તેમનો મહત્વનો મોભો એકબાજુ મૂકી એક શિક્ષક આગળ માથું ટેકવી આદર વ્યક્ત કરે એ દ્રશ્ય અને ઘટના મન પર ભારે અસર કરી ગઈ. થયું કે, શિક્ષક હોવું એ આ જીવનની અલભ્ય ઉપલબ્ધિ છે.તેના સામે તમામ હોદ્દા એક ક્ષણે ગૌણ લાગે. શિક્ષક એ ધંધો નથી પણ ધર્મ છે... એકવીસમી સદીમાં આ સૂત્ર બહુ ગળે ઉતરે એવું નથી. પણ જેઓએ શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યા પછી ખરેખર શિક્ષકત્વ શોભાવ્યું છે, અંધકારમાં ઉજાસ બન્યા છે ... એ સર્વને, ગુરુપૂર્ણિમા નિમિતે અંતરના અદકાભાવથી સાદર વંદન પાઠવવા રહ્યા. આ તકે નોંધ લેવી ઘટે,ગુજરાતના ઘણાં ગામડા ઓની સ્કૂલોમાં આજે પણ શિક્ષકને સર,ટીચરના સ્થાને 'ગુરુજી'નું ગરિમાયુક્ત સંબોધન કરવામાં આવે છે.

ગુરુ બ્રહ્મા,ગુરુ વિષ્ણુ,ગુરુ દેવો મહેશ્વરા... તેમજ ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુબીન મીટે ન ભેદ... આવું આપણે જાણીએ છીએ પણ સમજીએ છીએ તેની કોઈ ગેરંટી આપી શકાય એવું નથી. સર્વમાં શ્રેષ્ઠ એવા ગુરુનો સાદો,સરળ અર્થ છે: પોતાના જ્ઞાનરૂપી ઉજાસથી વ્યક્તિના જીવનમાંથી અંધારા ઉલેચી પ્રકાશ પાથરનાર કે અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરનાર.જીવનના ગત દિવસોમાં નજર કરીએતો કેટલાંય વ્યક્તિઓ એવા મળ્યા છે, જેઓના થકી જ્ઞાન લાધ્યું છે કે નહીં તેની ખબર ન હોય પણ આપણું અજ્ઞાન દૂર થયું હોય છે. એ બધાને ગુરુની વ્યાખ્યામાં બેસાડી શકાતા નથી.કારણ કે ગુરુ એટલે ભવસાગર પાર કરવા માટેનો મારગ ચિંધનાર... અને તે દ્વારા મોક્ષનું દ્વાર મળે અથવા ઉઘડે..! પણ મોક્ષ માટેની અગમનિગમની વાતોમાં વહેવાનો આપણો આ ઉપક્રમ નથી. પણ જીવન જીવવાની, માણવાની જડીબુટ્ટી જેમના દ્વારા જડે તે આપણા ગુરુ ! ગુરુ દત્તાત્રેયે બાળક અને શ્વાનને પણ ગુરુ ગણ્યા હતા. આપણે પણ ખુદ ગુરુ અને શિષ્ય છીએ!

ખાસ કરી શિક્ષકને આપણે ગુરુનું પદ આપીએ છીએ.શિક્ષકનો સાર્થ ગુજરાતી જોડણીકોશમાં શિક્ષણ આપનાર,ભણાવનાર, માસ્તર... આવા અર્થ આપ્યા છે.વળી 'માસ્તર' એટલે મા જેવું સ્તર હોયતે માસ્તર. ક્યાંક 'માસ્ટર' કહે છે.આવા અર્થો 'ગુરુ' આગળ ગૌણ બની જાય છે.પણ આજે આપણે કોઈ અપવાદ બાદ કરતા શિક્ષકનો અપાર આદર કરીએ છીએ.માનની નજરે જોઈએ છીએ.ખાસ કરીને પ્રાથમિક સ્કૂલના અમુક શિક્ષકને જીવનભર ભૂલી શકતા નથી. તેઓની અમીટ છાપ આપણા હૃદયમાં અંકિત થઈ ગઈ હોય છે. તે શિક્ષક પાસેથી અક્ષરજ્ઞાન તો વત્તાઓછા પ્રમાણમાં ભલે મેળવ્યું હોય પણ તેઓના વાણી,વર્તન અને વ્ય વહારની અસર જીવનભર ભૂલાતી હોતી નથી. કોઈ શિક્ષકનો પ્રભાવ, સ્વભાવમાં આવી ગયો હોય છે.

આજે ઈંગ્લિશ મીડિયમના લીધે,ગુરુ કે શિક્ષકના બદલે 'ટીચર' સંબોધન ચલણમાં આવ્યું છે. ટીચ પરથી, ટીચિંગ કરાવનાર તે ટીચર. હવે તો ઓનલાઈન ટીચિંગનો જમાનો આવ્યો છે તેમાં મોબાઈલ પણ ટીચિંગ કરાવે છે...ટેકનોલોજીમાં ગુગલગુરુ પણ બોલબાલા છે.માગો તે માહિતી આસાનીથી ઉપલબ્ધ થાય. અહીં જ્ઞાન અને માહિતીનો ભેદ સ્પષ્ટ થઈ આવે છે. જ્ઞાન આપે તે ગુરુ, માહિતી આપે તે દાતા !

પણ કુંભારની જેમ નીચે હાથ રાખી,ઉપર ટપલા મારી જીવનનો ઘાટ ઘડનારનો અહીં મહિમા કરવાનો મુદ્દો છે. જેનાથી ભલે ભણતર ચઢ્યું ન હોય પણ ગણતર થયું હોય તેમના ગુણગાન કરવાના છે.

અને દરેક શબ્દનો પોતીકો અર્થ અને મહિમા હોય છે. ટીચર શબ્દ હજુ દિલમાં ચોંટતો કે બંધ બેસતો નથી.

આપણે પણ કોઈના શિષ્ય,ગુરુ, શિક્ષક અને ટીચર છીએ. જીવનનું ઘડતર અને જીવનવ્યવહાર લોકો, સમાજ, પરિવાર પાસેથી શીખવા મળ્યું છે. વિવિધ અનુભવ દ્વારા આપણે કેળવાયા છીએ. અક્ષરજ્ઞાનનું ભણતર ભલે સ્કૂલ-કોલેજમાં થયું હોય પણ કેળવણી તો જીવનની આ પાઠશાળામાંથી પ્રાપ્ત થઈ છે ત્યારે શિષ્ય સમજી શીખવાનું રાખીએ, ગુરુ સમજી આદર્શ થવાના પ્રયત્ન કરીએ અને ટીચર થઈને...

**છેલ્લે :**

ગુરુ પાસે શિષ્ય ક્યાંથી આવ્યો એ અગત્યનું નથી પણ આવ્યા પછી શિષ્ય ક્યાં ગયો એઅગત્યનું છે.

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# જો, પ્રત્યેક હિંદુસ્તાની હવે નહીં સુધરે તો...



## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

ભારતની ગુલામી માટે આપણે અંગ્રેજોને દોષી માનીએ છીએ. પરંતુ ખરેખર દોષી કોણ કહેવાય એ વિચારીશું તો આપણને ખ્યાલ આવશે કે દોષી અંગ્રેજો નહીં આપણે ખૂદ હતા. અંગ્રેજી પ્રજાની સાહસિકતા અને બુદ્ધિમત્તાની વાત કરીએ તો બ્રિટનની પ્રજા એક સાવ ઠંડા પ્રદેશમાં રહેતી હોવા છતાંય ત્યાંથી નીકળીને સાવ અજાણ્યા, કઠિન રસ્તાઓ પાર કરીને અજાણ્યા પ્રદેશોમાં જઈને ત્યાંના લોકોને ગુલામ બનાવીને રાજ કર્યું. એ ખરેખર તો પ્રશંસાને પાત્ર છે. આજે પણ જોઈએ તો આખા બ્રિટનની જનસંખ્યા અને ક્ષેત્રફળ ગુજરાત જેટલું જ છે છતાંય એણે સદીઓ સુધી આખા વિશ્વને ગુલામ બનાવીને રાજ કર્યું. એનું કારણ એક જ હતું કે એ પ્રજામાં રહેલી એકતા, અખંડિતતા, સાહસ અને શૌર્ય.

ભારતની કરોડોની જનસંખ્યા અને વિશાળ ક્ષેત્રફળ હોવા છતાંય માત્ર દસેક હજાર અંગ્રેજોએ આવીને આખા દેશને માત્ર ગુલામ જ નહીં પરંતુ અનેક હત્યાઓ કરી, લૂંટફાટ કરી, મોટા મોટા રાજમહેલોમાં રહેતા આપણા અનેક રાજાઓ પણ એમનું કશું બગાડી શક્યા નહીં. કારણ સૌની વચ્ચે એકતાનો અભાવ. સૌ રાજાઓ પોતપોતાની સત્તા સાચવીને બેઠા હતા. એમણે માત્ર એટલું ના વિચાર્યું કે આજે નાના નાના રજવાડાઓ અંગ્રેજો છીનવી રહ્યા છે તો આવતીકાલે તેઓ પોતાના રાજ્ય પર પણ આક્રમણ કરીને કબજે કરશે. એ સમયે ભારતના પ્રત્યેક જિલ્લામાં કદાચ પચાસેકથી વધારે અંગ્રેજો નહોતા છતાંય એ પચાસ મળીને આસપાસના ગામો પર રાજ કરતા. મહેસૂલ ઉઘરાવતા, જમીનો પડાવી લેતા, અત્યાચારો કરતા. છતાંય આપણી પ્રજા મૌન રહીને આ બધુ સહન કરતી હતી.

મિત્રો, બીજી સાઈડથી વિચારીએ તો પોતાના વતનથી હજારો કિલોમીટર દૂર અજાણ્યા લાખો લોકોની ધરતી પર રહીને એમને ગુલામ બનાવવાનું અદભુત સાહસ અને શૌર્ય અંગ્રેજી પ્રજાએ દાખવ્યું કહેવાય. ખરેખર તો અંગ્રેજો પાસે એટલા સૈનિકો પણ નહોતા કે તેઓ આપણી પર હકૂમત ચલાવી શકે, પરંતુ બુદ્ધિશાળી કૉમ તો ખરીને, તેઓએ આપણી પ્રજા પર હકૂમત કરવા, રાજ કરવા, જૂલ્મ કરવા આપણી જ પ્રજામાંથી કેટલાક લોકોને સૈનિકની નોકરી આપીને પોતાનો પહેરવેશ પહેરાવી, પોતાની અંગ્રેજી ભાષા શીખવીને આપણી ઉપર જ અત્યાચાર કરાવ્યો. લૂંટ કરાવી. અંગ્રેજોની બુદ્ધિમતાનો પરિચય ત્યારે મળે છે કે જ્યારે આપણા જ દેશના સપૂતો ચન્દ્રશેખર, બિસ્મિલ, ભગતસિંહ, મંગલ પાંડે જેવા દેશપ્રેમીઓની ક્રાંતિને પણ વિદ્રોહમાં ખપાવીને તેઓએ તેમને મૃત્યુને ઘાટ ઉતાર્યા છતાંય આપણી એ વખતની પ્રજા ચૂપ રહી. સહન કરતી રહી, મૂઠ્ઠીભર અંગ્રેજો જ્યારે જ્યારે યુદ્ધ જીતીને પોતાના સો બસો સૈનિકોનું પ્રદર્શન યોજતા - રેલી કાઢતા ત્યારે એ રેલી કે પ્રદર્શન જોવા આપણા હજારો - લાખો લોકો ભીડ કરતા પણ કોઈ માઈનોલાલ સાહસ કરીને એમની ઉપર એકાદ પથ્થર પણ ફેંકી શકતો નહીં. આ હતો આપણી હિંદુસ્તાની પ્રજાનો ડરપોક સ્વભાવ.

અંગ્રેજો પહેલાય ઈ.સ. ૧૧૯૩થી આપણી પવિત્ર ધરતી પર આક્રમણ કરીને મુહમ્મદ ઘોરીએ સમગ્ર હિંદુસ્તાનને ગુલામ બનાવીને લગભગ સત્તાણું વર્ષ સુધી આ ગુલામવંશ ચલાવ્યો. ત્યાર પછી ત્રીસેક વર્ષ ખિલજીવંશ, ચોરાણું વર્ષ તુગલકવંશ, ૩૭ વર્ષ સૈયદવંશ, ૭૫ વર્ષ લોદીવંશ, ૧૬ વર્ષ સૂરીવંશ અને ઈ.સ.૧૫૫૫ હૂમાયુથી લઈને ૧૮૫૭માં અંતિમ રાજા બહાદૂરશાહ ઝફર સુધી ૩૧૫ વર્ષ મોગલવંશની હકૂમત હિંદુસ્તાન ઉપર રહી. આ ગાળામાં આક્રાંતાઓએ આપણા અનેક મંદિરો તોડ્યા, લાખો સ્ત્રીઓ પર બળાત્કાર ગુજાર્યા, દિવસે લગ્નપ્રસંગે લૂંટફાટ કરીને રાત્રે યુવાન છોકરીઓની સાથે લગ્ન કરીને ધર્મપરિવર્તન કરાવતા, છોકરી ના માને તો એને મારી નાખવામાં આવતી. આવી બધી પરિસ્થિતિને કારણે અનેક સાચા ભારતીય પરિવારોએ દીકરીનો જન્મ થતા જ એને મારી નાખતા કે બાળપપણમાં તેના લગ્ન કરાવી દેતા. આ હતી આપણા ભારતીયોની સચ્ચાઈ.

આજે પણ આપણી માનસિક સ્થિતિ ગુલામીવાલી અને સ્વાર્થી જ રહી છે. લોકશાહી હોવા છતાંય આપણા જ દેશમાં અનેક દેશદ્રોહીઓની ગેંગ આપણી માનસિકતાને સાંપ્રદાયિકતાને નામે વધુ ને વધુ ગુલામ બનાવી રહી છે. કોઈપણ વટ્ટવૃક્ષના ફળ ડાળ ઉપરથી જ બગડવા લાગે તો સમજી જવું જોઈએ કે વૃક્ષની ડાળમાં કોઈ પ્રોબ્લેમ નથી પણ વૃક્ષના મૂળિયા સડેલાં છે. જો વૃક્ષના ફળ બગડતા અટકાવવા હોય તો સડેલા મૂળિયાને દૂર કરવા જરૂરી છે. જે અત્યારે દેશમાં થઈ રહ્યું છે. અને જ્યારે સડેલા મૂળિયા ઉખેડવામાં આવે ત્યારે સાહજિક છે કે વૃક્ષને, એની ડાળોને, પાંદડાઓને, ફળોને તકલીફ તો પડવાની જ છે. અગાઉના વર્ષોમાં મોંઘવારીને દબાવવા કરેલું ખરબો રૂપિયાનું દેવું અત્યારે ભરપાઈ કરવાનું બને ત્યારે એનું ભારણ થોડું તો પ્રજા પર આવવાનું જ. અત્યારની સરકારને એક નહીં અનેક મોરચે લડવાનું છે. છતાંય આપણે વિચાર્યા વિના દેશદ્રોહીઓની વિચારધારાના પ્રભાવમાં આવી જઈએ છીએ. અગાઉના યુગમાં પણ જ્યારે પોતાના રાજ્ય ઉપર કોઈ દુશ્મન રાજા આક્રમણ કરતો ત્યારે પ્રજા વિચારતી કે યુદ્ધ કરવાનું કામ તો ક્ષત્રિય રાજાનું છે. આપણે શું? એના પરિણામે ભારતના અનેક રજવાડાઓ આક્રાંતાઓએ છીનવી લીધા હતા અને એ જ પ્રજા ઉપર અત્યાચારો ગુજાર્યા હતા. આમ છતાંય આપણી પ્રજા આ ઈતિહાસમાંથી કશુંય શીખી નહી. એ જ માનસિકતા આજ સુધી ચાલી આવી છે. " મારે શું ? શહેરનું, સમાજનું, રાજ્યનું કે દેશનું જે થવું હોય તે થાય ? આ વખતે તો આ સરકાર ના જ જોઈએ " પણ એવું વિચારતા નથી કે હજારો વર્ષ પછી એક સાચો હિંદુસ્તાની રાજા આ દેશને મળ્યો છે. જે દેશને અંદરથી અને બહારથી મજબૂત બનાવી રહ્યો છે.

આવા કપરા સમયે આપણે ઈઝરાયલનું ઉદાહરણ લેવું જોઈએ. આ દેશ ચારેતરફ દુશ્મનોથી ઘેરાયેલો હોવા છતાંય સુરક્ષિત છે. કેમ કે ત્યાંની તમામ પ્રજામાં દેશપ્રેમ છે. દેશની સુરક્ષાની જવાબદારી માત્ર સરકાર કે સૈનિકોની નહી પોતાની પણ સમજે છે. અને તેથી જ યુદ્ધ જેવી સ્થિતિમાં બોર્ડર પર માત્ર સૈનિકો નહી પણ સમગ્ર પ્રજા હથિયાર લઈને આવી જાય છે. ત્યાં પ્રત્યેક પ્રજાને હથિયાર ચલાવવાની તાલીમ અપાય છે. પરંતુ આપણે પહેલા અને આજે પણ આપણી જવાબદારી સમજી જ નથી. બધા ઈચ્છે છે કે દેશમાં સુખ શાંતિ રહે પણ એના માટે વ્યક્તિગત ભોગ કોઈને નથી આપવો. ગુલામીના સમયમાં મુસ્લિમો તથા અંગ્રેજોની સાથે જેવી રીતે ક્ષત્રિય રાજાઓ લડ્યા તેમની સાથે જો આખો દેશ ક્ષત્રિય બનીને યુદ્ધમેદાન ઉતરી ગયો હોત તો શું કોઈપણ આક્રાંતાઓની તાકાત હતી કે ભારત તરફ નજર પણ કરી શકે ? આપણે ક્યારેય ગુલામ બન્યા જ ના હોત. આપણે ત્યા જે ચાર વર્ગ (વર્ણ નહીં) માં પ્રજાનું વિભાજન કરાયું હતું તે તો માત્ર સમાજની સરળ વ્યવસ્થા માટેનું હતું. નહીં કે જ્ઞાતિજાતિના ભેદભાવ માટેનું. પરંતુ આપણી પ્રજાએ એને વર્ગને બદલે વર્ણ બનાવીને યુદ્ધ કરવાનું માત્ર ક્ષત્રિયોનું જ કર્મ ગણી લીધું.

આજે પણ આપણી આ જ માનસિકતા રહી છે. આજે આક્રાંતાઓ આપણા દેશની અંદર જ છે. વામપંથીઓ, સેક્યુલરો અને ગદ્દારોની મોટી ફોજ બની ચૂકી છે. અને તેઓ આપણા ભારતીયોને ચાર વર્ગને બદલે વર્ણોમાં વિભાજિત કરીને આપણને ગુલામ બનાવવા તમામ પ્રયાસો કરી રહ્યા છે. અને આપણી કરૂણતા એ છે કે આપણે સો કરોડ હિંદુસ્તાની હોવા છતાંય આ બધુ ચૂપચાપ જોયા કરીએ છીએ. આ સરકાર, મોદીજી દેશની પ્રજાને ગુલામીમાંથી જગાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. મહદ અંશે જાગૃતિ આવી પણ રહી છે. પરંતુ જ્યા સુધી ૧૩૨ કરોડ લોકોને એમ નહીં લાગે કે આ આપણો દેશ હિંદુસ્તાની છે, ત્યા સુધી દેશમાં સત્તા માટેનો સંઘર્ષ ચાલું જ રહેવાનો. મોંઘવારી વધતી જ રહેવાની. માટે સો કરોડ સાચા હિંદુસ્તાનીઓએ તો હવે જાગવું જ જોઈશે. અન્યથા તેઓ તો ઠીક તેમની આવતી પેઢીને પણ હિંદુસ્તાનમાં રહેવું પણ ભારે પડી શકે છે.

-9426060601.india@gmail.com

# પેગાસસ : હમારે મોબાઈલ મે જાસૂસ..!



## રજળપાટ

અજય ઉપાધ્યાય

જાસૂસી અને રાજકારણ કોઈ નવી વાત થોડી છે...? ઈનફેક્ટ જાસૂસી અને માનવજાતને તો બહુ જૂનો સંબંધ છે. જેમ જેમ જમાનો બદલાતો ગયો એમ એમ જાસૂસીની તરકીબો બદલાતી ગઈ છે ? દેશ અને દુનિયામાં પહેલા જ્યારે સ્માર્ટફોન નહોતા ત્યારે લેન્ડલાઈન ફોન ટેપિંગની બોલબાલા હતી. આયેદિન ટેપિંગ પ્રકરણોથી સંસદ ગાજતી રહેતી હતી. ફોન ટેપિંગ ઈઝી જાસૂસી છે અને રહેશે, જો કે પર્સનલ જાસૂસી પણ હજુ એટલી જ ઈનથિંગ છે કે જેમાં જેની જાસૂસી કરવાની હોય તેના પાછળ માણસ બોલે તો જાસૂસ રોકવામાં આવે છે. પહેલા પણ દુશ્મન છાવણીમાં પોતાનો માણસ ઘુસાડી દેવાની પધ્ધતિથી માંડીને આજે પણ આ પધ્ધતિ અમલમાં છે પણ એમાં અંતરાય એ છે કે ઘરની અંદર રહેલા માણસની જાસૂસી કરવી જરા મુશ્કેલ થઈ પડે છે. પણ હવે સ્માર્ટફોનનો જમાનો છે અને જાતજાતના સ્પાયવર ઉપલબ્ધ છે કે જે તમારા ફોનમાં ઘૂસીને તમારી રજેરજની માહિતી ભેગી કરે છે. સ્માર્ટફોન આપણાં જીવનનો હિસ્સો બની ગયો છે અને ખુદ સ્માર્ટફોનનો સૉફ્ટવેર જ યુઝરની જાસૂસી કરતો રહેતો હોય છે એ તો હવે નાના બચ્ચાને પણ ખબર છે. પણ આજકાલ જે જાસૂસી દેશભરમાં ગાજી રહી છે એ જરા હટ કે તો છે જ પણ સાથે સાથે ખર્ચાળ પણ છે જેની વાત આપણે આગળ કરવાના છીએ.

આગળ કહ્યું એમ જાહેર જીવનમાં રહેલા અને પ્રસિધ્ધિ પામેલા લોકોની જાસૂસી કોઈ નવી વાત નથી પણ વાત અત્યારે મોદી સરકાર પર આવેલા જાસૂસીકાંડના આરોપોની છે. આમ તો શું કે અગાઉની સરકારોમાં પણ ફોન ટેપિંગ જેવા બનાવો બનેલા જ છે. ૧૯૮૮માં કર્ણાટકના મુખ્યમંત્રી રામકૃષ્ણ હેગડેએ ૫૦ સહયોગીઓ અને વિરોધીના ફોન ટેપ કરવાનો આદેશ આપ્યાના આરોપ પછી રાજીનામું આપી દીધેલ તો ૧૯૯૦માં ચંદ્રશેખરે એ સમયની સરકાર પર પોતાના સહિત ૨૭ રાજનેતાના ફોન ટેપ થાય છે એવો આરોપ લગાડેલો એ જ રીતે ૨૦૧૦માં નીરા રાડિયાએ મોટા રાજનેતાઓ, ઉદ્યોગપતિઓ અને પત્રકારોની સાથે કરેલી વાતચીતના ૧૦૦થી વધુ ટેપ મીડિયાને લીક કરી દીધા હતા. એક દેશ બીજા દેશના સરંક્ષણ, વૈજ્ઞાનિકો કે અર્થવ્યવસ્થાની જાસૂસી કરાવતું જ રહેતું હોય છે, જો કે આમાં મોટેભાગે સરકારના સરંક્ષણને લગતા નિર્ણયો કે લશ્કરી ક્ષમતાનું આકલન કરવા માટેની જાસૂસી વધુ હોય છે, પણ અત્યારે જે કમઠાણ ચાલી રહ્યું છે તે પ્યોરલી પોલિટિકલ જાસૂસીનું વધુ અને બાકીનું ઓછું છે. જો કે જે નામો એક પછી એક ખૂલી રહ્યા છે તે જોતાં આવનારા દિવસોમાં વધુ કડાકા ભડાકા થાય તો નવાઈ નહીં. ખૂબીની વાત એ છે કે જે માલવેર / સ્પાયવેર પેગાસસની આમાં સંડોવણી ખૂલી છે તે ઈઝરાઈલી કંપની એ બનાવેલ સ્પાયવેર છે અને આખી દુનિયા જાણે છે કે ઈઝરાયલ જાસૂસી કરવામાં વિશ્વમાં અવ્વલ છે. જો કે પેગાસસ આમ પણ જાસૂસી કરવા માટે પ્રખ્યાત કે કુખ્યાત છે જ.

અસલમા પેગાસસ એક મેલવેયર છે કે જે મોબાઈલમાં ઈન્સ્ટોલ થઈ જાય છે અને એને મોબાઈલમાં ઈન્સ્ટોલ થવા માટે કોઈ ફિઝિકલ એક્સેસની જરૂર નથી પડતી પણ એ સામેવાળાના મોબાઈલમાં મોકલેલ કોઈ મેસેજ કે લિંક કે ઈવન મિસકોલ કે વોટ્સઅપ મેસેજથી પણ એને ઈન્સ્ટોલ કરી શકાય છે અને ગંભીર વાત એ છે કે એકવાર ઈન્સ્ટોલ થયા પછી એને રીમુવ કરવો લગભગ નામુમકિન છે. અને એકવાર કોઈ ફોનમાં દાખલ થયા પછી એ એની જાસૂસી શરૂ કરી દે છે જેમાં તે સ્માર્ટફોનનાં માઈક્રોફોન, કેમેરા, ઓડિયો અને ટેક્સ્ટ સંદેશાઓ, ઈમેઈલ અને તે લોકેશન વિશેની માહિતી મેળવવાનું શરૂ કરી દે છે. પેગાસસ સુરક્ષાની દ્રષ્ટિએ નબળી ગણાતી એંડરોઈડ ઓપરેટિંગ સિસ્ટમ તો ઠીક પણ પ્રમાણમા મજબૂત ગણાતી આઈઓએસ ઓપરેટિંગ સિસ્ટમમાં પણ છિદ્ર પાડી શકવાની ક્ષમતા ધરાવે છે. અસલમા પેગાસસને ઈઝરાયલી ફોર્મ NSO ગ્રુપે બનાવેલ છે અને કંપનીનું કહેવૂ છે કે આનો મકસદ આતંકવાદીઓને ટ્રેક કરવા માટેનો છે. અને એટ્લે જ તે કોઈ ખાનગી કંપનીઓને સોફ્ટવેર વેચતી નથી અને માત્ર ને માત્ર સરકારી માન્યતા પ્રાપ્ત કંપનીઓ કે સંસ્થાનોને જ આ સૉફ્ટવેર આપે છે. કંપનીનું કહેવું છે કે તેઓ લોકોના જીવન બચાવવા માટે અને આતંકી કે વિદ્રોહી ગતિવિધિઓ તથા ગુનાહિત ગતિવિધિઓ રોકવા માટે પોતાની ટેકનોલૉજી માત્ર તપાસેલી સરકારોના કાનૂન લાગુ કરતી અને જાસૂસી એજન્સીઓને જ વેચે છે. ભારતમાં આવી લગભગ દસેક એજન્સી છે અને એમાં એક નામ સૌથી જૂની ઈંટેલિજન્સ બ્યૂરો પણ છે. બીજા શબ્દોમાં આની સપ્લાય ફક્ત સરકારોને જ થાય છે. અને એટ્લે જ અત્યારે ચર્ચાના ચકડોળે ચડેલા આ મામલામાં વિપક્ષો સરકારનો હાથ છે એમ પોકારી રહ્યા છે. જો કે સરકારો પણ કંપનીએ કહ્યું એમ નાગરિકોની રક્ષાના બહાને આને ખરીદે છે પણ એ પછી એમના પર મનફાવે તેમ ઉપયોગ કરવાના આરોપો લાગતાં રહ્યા છે.

પેગાસસ આ પહેલા ૨૦૧૬ માં પહેલીવાર ચર્ચામાં આવેલ જ્યારે યુએઈ ના માનવઅધિકાર કાર્યકર્તા અહમદે પોતાનો ફોન પેગાસસથી હેક થયાનું જાહેર કરેલું. એ પછી ૨૦૧૭માં મેક્સિકો સરકારે પેગાસસની મદદથી મોબાઈલ જાસૂસી ઉપકરણો બનાવીને માનવઅધિકાર કાર્યકર્તાઓ, પત્રકારોની જાસૂસી કર્યાનો આરોપ ત્યાના પત્રકારોએ લગાવેલો. એ પછી ૨૦૧૯માં ફેસબુકે આરોપ લગાવેલો કે પેગાસેસ વોટ્સએપમાં પોતાની જાળ ફેલાવી રહ્યું છે. એ જ ફેસબુકે હજુ હમણાં જ ૨૦૨૦ માં પેગાસસ પર ફેસબુક જેવી જ ડમી સાઈટ બનાવીને જાસૂસી કરવાનો આરોપ મૂકેલો. ખાલી આરોપ જ નહી પણ કાનૂની કાર્યવાહી પણ કરી છે. એટ્લે આમ જોવા જાવ તો પેગાસસની મથરાવટી જ મેલી છે અને એમાં પણ માત્ર ને માત્ર સરકારી સંસ્થાઓને સેવા પૂરી પાડવાના એના નિયમને લીધે વાર તહેવારે દુનિયાભરની સરકારો પર માછલા ધોવાતા રહે છે અને એમાં નામ પેગાસસનું વધુ આવે છે. જો કે પેગાસસ આનો લાકડા જેવો ચાર્જ વસૂલ કરે છે. રિપોર્ટ મુજબ એક વ્યક્તિની જાસૂસી માટે આશરે ૭૦ લાખ જેટલો ચાર્જ લેવાય છે અને એટ્લે જ સિલેકટેડ લોકોની જાસૂસી માટે આનો વધુ ઉપયોગ થાય છે. જો કે જેના કારણે આ આખોએ મામલો ચર્ચામાં આવ્યો છે તે પેરિસની એક મીડિયા સંગઠન ફોરબીડન સ્ટોરીઝના હાથમાં આવેલા આવા નંબરોનો આંકડો પચાસ હજારે પહોચે છે. જેમાં દુનિયાભરના દેશોના નંબરો છે અને આ તો માત્ર ૨૦૧૬ પછીનો ડેટા છે. એમાં ભારતના લગભગ ૧૫૦ જેટલા નંબરો છે જેની જાસૂસી થઈ હોવાની શંકા છે જેમાં રાહુલ ગાંધી, અનિલ અંબાણી જેવા મોટા નામો સામેલ છે. જો કે સરકાર અને NSO ગ્રૂપ ઓલરેડી કહી ચૂક્યા છે કે આ આરોપ તથ્ય વગરના છે આને આવું કોઈ કામ અમે કર્યુ નથી પણ પેગાસસ ની હિસ્ટ્રી જોતાં આ વાત કોઈને ગળે ઉતરે એમ નથી. એ જ રીતે લીક થયેલી લિસ્ટની ઓથેંટીસીટી પણ પુરવાર થઈ શકે એમ નથી. જો કે કોઈ ફોન પેગાસસ નો શિકાર થયો છે કે નહીં એ જાણવા એની લેબ માં તપસ કરાવવી પડે અને એમનસ્ટી ઈન્ટરનેશનલ ની ટેક લેબમાં આવા ૬૭ ડિવાઈસની ફોરેન્સિક તપાસ કરતાં ૩૭ ડિવાઈસમાં પેગાસસ નો મુકામ જોવા મળ્યો જેમાં ૧૦ ડિવાઈસ ભારતના હતા...! વિરોધ કરનારાઓ આને માનવાધિકાર પર હુમલો ગણાવી રહ્યા છે અને વ્યક્તિની સ્વતંત્રતા માટે જોખમી તો ભારત જેવા દેશમાં વિરોધપક્ષો આને લોકશાહી માટે ખતરો બતાવી રહ્યા છે પણ હકીકત એ છે કે દુનિયાભરની સરકારો પોતાનાથી વિરુધ્ધ મતવાળા રાજનેતાઓ, પત્રકારો, હસ્તીઓ ની જાસૂસી કરાવતી જ હોય છે અને આ સિલસિલો ક્યારેય અટ્કવાનો નથી જ અને આ આખીય પ્રક્રિયા એટલી ગુપ્ત હોય છે કે એને કોઈ સરકાર સાથે જોડીને સાબિત કરવી મુશ્કેલ છે. જો કે સંસદના ચોમાસુ સત્રના એક જ દિવસ પહેલા આ રિપોર્ટનું લીક થવું પણ સંદેહદાયક છે. પણ જો ભારત સરકારે આ જાસૂસી કરાવી છે એવું સાબિત થઈ જાય તો સરકારને જવાબ દેવો મુશ્કેલ થઈ પાડવાનો એ નક્કી છે.